ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા વિનિયમો- ૨૦૦૫(સુધારેલા) વિનિયમ-૨૪(ખ) અને ૨૪(ગ)માં સુધારા વધારા કરવા બાબત.

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ મશબ-૧૨૧૧-૨૦૫૭-છ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ-૦૭/૧૦/૨૦૧૧

**વંચાણે લીધાઃ-**

(૧) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરનો તા. ૧૩/૦૯/૨૦૧૧ના પત્ર ક્રમાકઃમઉમશબ-ક-૧૦૩૯.

**ઠ રા વઃ-**

આમુખ ક્રમાંક (૧)માં દર્શાવેલ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા વિનિયમો (સુધારેલા) ૨૦૦૫માં સુધારા વધારા કરવા બાબતની દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા વિનિયમ-૨૦૦૫ (સુધારેલા)ના વિનિયમ-૨૪ (ખ) માં એસ.એસ.સી પરીક્ષામાં ખાનગી ઉમેદવારને પરીક્ષામાં ઉપસ્થિત થવા તેમજ ૨૪(ગ)માં એચ.એસ.સી.(સામાન્ય પ્રવાહ) પરીક્ષામાં ખાનગી ઉમેદવારને પરીક્ષામાં ઉપસ્થિત થવા માટેની જોગવાઇ છે.

ધોરણ ૧૦ એસ.એસ.સી. અને ધોરણ ૧૨ એચ.એસ.સી સામાન્ય પ્રવાહના ખાનગી ઉમેદવારને પરીક્ષામાં બેસવા માટે ગુજરાત સરકાર શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાક-બમશ-૧૦૧૦-૧૩૨૫-ગ,તા ૧૫-૦૭-૨૦૧૦થી ગુજરાત રાજય ઓપન સ્કુલ સોસાયટીમાં કરેલ હોઇ પરીક્ષા વિનિયમમાં હાલની જોગવાઇ રદ કરવાની થાય છે.

આથી પુખ્ત વિચારણાને અંતે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા વિનિયમ-૨૦૦૫ (સુધારેલા) **વિનિયમ-૨૪(ખ) અને ૨૪(ગ) રદ કરવામાં આવે છે.**

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(બી.આર. ઠકકર)
સેકશન અધિકારી,
શિક્ષણ વિભાગ.

**પ્રતિ,**

માનનીય શિક્ષણ મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
માન.રાજયકક્ષાના મંત્રીશ્રી (શિ) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
અધ્યક્ષશ્રી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.
સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર (સંબંધીતોને પરિપત્રિત કરવા વિનંતી સહ)
કમિશ્નરશ્રી, મધ્યાહન ભોજન અને શાળાઓ, ગાંધીનગર.
કોમ્પ્યુટર સેલ.
સીલેકટ ફાઇલ./નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઇલ.